# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/305 Dt. 21/01/2026

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# સુરત કે સિતારે: શાર્ક ટેન્ક ઈન્ડિયામાં ચમકેલા સુરતના યુવા સાહસિકોએ શેર કરી સફળતાની ગાથા

## ચેમ્બર દ્વારા આયોજિત સત્રમાં બ્રાન્ડ બિલ્ડિંગ, ફંડરેઈઝિંગ અને એડ-ટેક ક્ષેત્રે નવીનતા અંગે યુવા ઉદ્યોગ સાહસિકોનું પ્રેરણાદાયી માર્ગદર્શન

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા મંગળવાર, તા. ૨૦ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ સંહતિ, સરસાણા, સુરત ખાતે એક વિશેષ સત્ર 'શાર્ક ટેન્ક: સુરત કે સિતારે'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સુરતના એવા સ્ટાર્ટઅપ ફાઉન્ડર્સે ભાગ લીધો હતો કે જેમણે રાષ્ટ્રીય સ્તરે શાર્ક ટેન્ક ઈન્ડિયા જેવા પ્લેટફોર્મ પર સુરતનું નામ રોશન કર્યું છે.

ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલાએ સ્વાગત સંબોધનમાં કહ્યું કે, આ યુવા સિતારાઓએ સપનાંને સાકાર કરી સ્થાનિક વિચારને રાષ્ટ્રીય ઓળખ આપી છે.

ફાસ્ટ ફૂડ-વેજમાં દેશના 24 રાજ્યોના 175 શહેરોમાં ઝડપથી 400થી વધુ આઉટલેટ્સ ઊભા કરનાર ઝોર્કોના સહસ્થાપક શ્રી આનંદ નાહર (ZORKO)એ કહ્યું કે, કોવિડ દરમ્યાન અમારી શરૂઆત વેસુથી થઈ અને ફ્રેન્ચાઈઝી

આપવા માંડી. સારા લોકોને હાયર કરવા હોય તો સારું પેકેજ આપવું પડે. મશીનરીની સાથે મેન પાવર પણ ખર્ચ કરવો પડે. સ્કેલેબલ કન્ઝ્યુમર બ્રાન્ડ કેવી રીતે ઉભી કરવી તે અંગે માર્ગદર્શન આપ્યું હતું.

મૂળ કેમિકલ એન્જિનિયર અને ક્લાઈમેટ ચેંજ જેવા મુદ્દે સંવેદનશીલ હોવાથી સોલાર સ્ટાર્ટઅપ સોલાન્સ એનર્જી શરૂ કરનાર યશ તરવાડીએ કહ્યું કે, સ્કેલેબિલિટી એ સ્ટાર્ટ અપનું સૌથી મહત્વનું વર્ટિકલ છે. રિટર્ન ઓન ઈન્વેસ્ટમેન્ટ મહત્વનું છે, અમે એપ શરૂ કરી બ્રાન્ડ્સ સાથે ટાઈ અપ કર્યું.

સિટિલાઈટ એરિયામાં ઝેબ્રા લર્ન એજ્યુ ટેક સ્ટાર્ટ અપ શરૂ કરનારા શ્રી અનુરાગ સુંદરકાએ પહેલાં પુસ્તકની પહેલી નિષ્ફળતાને સફળતામાં કેવી રીતે ફેરવી તેની વાત કરી. ભલે અમે પુસ્તકો આપીએ, વિઝ્યુઅલ ફર્સ્ટ અમારી અગ્રતા છે. શિક્ષણમાં ગુણવત્તા પર અમે ભાર આપીએ છીએ. અમે આગામી વર્ષોમાં વાંચેલા પુસ્તકાનું વિઝ્યુઅલ ફર્સ્ટ વર્ઝન આપવા માગીએ છીએ.

ચેમ્બરના ગ્રુપ ચેરમેન શ્રી કમલેશ ગજેરાએ રાષ્ટ્રીય પ્લેટફોર્મ પર સુરતના સાહસિકોના ઉદય વિશે ભૂમિકા બાંધી હતી. કાર્યક્રમના બીજા ચરણમાં એક ઇન્ટરેક્ટિવ પેનલ ડિસ્કશન અને પ્રશ્નોત્તરી સત્ર યોજાયું હતું, જેનું સંચાલન એન્ટરપ્રેન્યોર ડેવલપમેન્ટ કમિટીના ચેરમેન શ્રી રાકેશ દોશીએ કર્યું હતું.

ત્રણેય વક્તાઓએ વિવિધ પડકારો વિશે વાત કરીને સફળતા તરફ જવા માર્ગદર્શન આપ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ કમિટીના સભ્ય શ્રી અશફાક કલકત્તાવાલા દ્વારા કરવામાં આવી હતી. આ પ્રસંગે ચેમ્બરના સભ્યો અને સુરતના યુવા સ્ટાર્ટઅપ ઉત્સાહીઓ ઉપસ્થિત રહ્યા હતા.